ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G0

### ૧૫મા નાણાંપંચને લઈ

# જિલ્લાઓ અને રાજયમાં તંત્રએ કવાયત હાથ ધરી

**સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ પાસે છેલ્લા દસ વર્ષના હિસાબોની વિગતો મંગાવાઈ, ડિસેમ્બરના અંતમાં પંચ ગુજરાત આવે તેવી શક્યતા**

ગાંધીનગર, તા. ૧૩

આગામી નાણાંકીય વર્ષથી અમલી બનનાર ૧૫મા નાણાંપંચની સમક્ષ રજુઆતો કરવા તેમજ કેટલાક મહત્વના તથ્યો પર ધ્યાન કેન્દ્રીત કરવા માટે તંત્ર દ્વારા કવાયતોનો દોર આરંભાયો છે.

૧૪મા નાણાં પંચમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને સીધી ગ્રાન્ટ ફાળવી અને મજબુતાઈ આપવા સહિતના કેટલાક મહત્વના નિર્ણયો લેવામાં આવ્યા હતા. આથી હવે છેલ્લા ૧૦ વર્ષમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને કેટલી ગ્રાન્ટ કયા વિભાગમાંથી મળે છે ? કેટલો વપરાશ થયો ? કેટલા ગ્રામ વિકાસના કામો થયા ? જેવા હિસાબો માંગવામાં આવ્યા છે.

આ ઉપરાંત રાજ્ય સરકાર દ્વારા આ વેળાએ દારૂબંધીને લઈ ગુમાવવી પડતી આવક ઉપરાંત વેટ લાગુ કરવાથી વહીવટીય ખર્ચને પહોંચી વળવા માટે પણ વિશેષ

● અનુસંધાન પાન-૭ પર



ગાંધીનગરમાં ગ્રીષ્મ ઋતુ નિખરી છે. આકરી ગરમીમાં શહેર ચોમેર નિખરેલા ગરમાળાના પીળા ફુલોથી સુશોભિત જોવા મળી રહયુ છે. ત્યારે ગ્રીષ્મના આ મિજાજને અનુરૂપ ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ ગ્રીષ્મોત્સવની ઉજવણી અંતર્ગત ત્રિદિવસીય કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યુ છે. જે અન્વયે પ્રથમ દિવસે નગરજનોને હાસ્ય કલાકાર સાંઈરામ દવેએ હાસ્યરસથી તરબોળ કર્યા હતા.જયારે બીજા દિવસે શ્યામલ સૌમિલે અનેકવિધ રસપ્રદ ગુજરાતી રચનાઓ રજુ કરી નવી રચનાઓ સંભળાવી શ્રોતાઓના મન જીતી લીધા હતા.ગુજરાતી હીન્દી ગીતોને અનોખા અંદાજમાં રજુ કર્યા હતા. ટ્રાન્સફયુઝનના નવતર અભિગમને શ્રોતાઓએ પણ વધાવ્યો હતો. અંતમાં શ્રોતાઓએ ગરબે ઘુમવાની મજા પણ માંણી હતી.

# ગરમીનો મિજાજ યથાવત

**પારો ૪૨.૫ ડિગ્રીએ સ્થિર : રજાના દિવસે આકરી ગરમીની અસરથી માર્ગો પર સુનકાર : શોપિંગ બજારોમાં પણ કોઇ ખાસ ચહલપહલ નહીં : છેલ્લા ત્રણ દિવસથી ગરમીનો પારો ૪૨ ડી ગ્રીને પાર રહેતા જનજીવન ગરમીથી તોબા**

ગાંધીનગર તા ૧૩




ગાંધીનગરમાં છેલ્લા એક સપ્તાહથી ગરમીએ ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યુ છે. વિકરાળ ગરમીના લીધે આકાશમાંથી અગ્નજવાળ વરસી રહી છે. જેના લીધે વેકેશનના સમયગાળામાં પણ દિવસ દરમિયાન નગરમાં સન્નાટો જોવા મળી રહયો છે.આજે પણ રજાનો દિવસ હોવાછતા બપોર થતા જ શહેરના માર્ગો પર સુનકાર પ્રવર્તયો હતો. ગરમીનો મિજાજ આજે પણ યથાવત રહયો હતો. જો કે છેલ્લા ત્રણ દિવસની સાપેક્ષમાં આજે ગરમીનો પારો ૪૨.૫ ડી ગ્રીએ સ્થિર રહયો હતો. છેલ્લા બે દિવસમાં ગરમીના પ્રમાણમાં અંશત : ઘટાડો નોંધાયો છે.

ઉનાળો આકરો બનતા જનજીવન ગરમીથી તોબા પોકારી ગયુ છે. આકરી ગરમીના લીધે ચામડીને દાહ આપતા સુરજના કીરણોથી બચવા નગરજનો કામ સિવાય ઘરની બહાર નિકળવાનુ ટાળી રહયા છે. સવારથી જ વાતાવરણમાં આકરી ગરમીની અસર વર્તાઈ રહી છે. બપોર થતા અંગ દઝાડતી ગરમીના લીધે શહેરમાં સુનકાર પ્રવર્તે છે. જયારે આજે રજાનો દિવસ હોવાથી નગરના માર્ગો પર દિવસે સન્નાટો જોવા મળ્યો હતો. સવારના બે કલાક સિવાય શોપિંગ બજારમાં પણ કોઈ ખાસ ચહલ પહલ જોવા મળી ન હતી. બજારમાં પણ ગરમીના દિવસોમાં ઘણીખરી દુકાનો પણ બંધ જોવા મળી હતી. દિવસની આકરી ગરમીથી બચવા રજાના દિવસે શહેરીજનોએ સદંતર ઘરમાં પુરાઈ રહેવાનુ પસંદ કર્યુ હતુ. ગરમીનો મિજાજ છેલ્લા ત્રણ દિવસથી યથાવત છે. બે દિવસ અગાઉ સિઝનની રેકર્ડ બ્રેક ગરમી નોંધાતા પારો ૪૩.૨ ડી ગ્રીએ પહોંચી ગયો હતો. જયારે બીજા દિવસે પણ ગરમીનો મિજાજ યથાવત રહયો હતો. ગરમીના પ્રમાણમાં અંશત : ઘટાડા સાથે આજે મહત્તમ તાપમાન ગઈકાલની જેમ ૪૨.૫ ડી ગ્રી નોંધાયુ હતુ. છેલ્લા ત્રણ દિવસથી ગરમીનો પારો ૪૨ ડી ગ્રીને પાર રહેતા આગ ઓકતી ગરમીની ઋતુમાં જનજીવન બેચેન છે. જયારે આકરી ગરમીથી પ્રભાવિત શહેરીજનો હીટવેવથી બચવા માટે અનેક નુસખા અજમાવી રહયા છે. મહત્તમ તાપમાન યથાવત રહેવાની સાથે લઘુત્તમ તાપમાનમાં બે ડી ગ્રી નો ઘટાડો નોંધાયો છે. અલબત્ત આજે લઘુત્તમ તાપમાન ૨૯ ડી ગ્રી રહયુ હતુ. ગાંધીનગરમાં ગ્રીષ્મોત્સવના વધામણાં વચ્ચે ગરમીની મોસમ પણ નિખરી છે.

## શહેરને પેયજળ પુરૂ પાડતી ટાંકી અને સંપની સફાઈની કામગીરી હાથ ધરાઈ

**ઘણા સમય પછી સફાઈ અભિયાન હાથ ધરાયુ હોવાની લોકજીભે ચર્ચા**

ગાંધીનગર, તા. ૧૩

સુજલામ્ સુફલામ જળસંચય યોજના અંતર્ગત ગાંધીનગર શહેરને પેયજળનો પુરવઠો પુરો પાડતી ત્રણ ટાંકી સે. ૯, કુડાસણ અને ચરેડી પાસેની સફાઈ અભિયાનમાં આવરી લેવામાં આવી છે. સે. ૫ની ટાંકી બીજા તબક્કામાં અર્થાત ૧૫મી પછીના રાઉન્ડમાં આવરી લેવાશે.

રાજ્ય સરકારે જળસંચય અભિયાન અંતર્ગત પેયજળનો પુરવઠો પુરા પાડવાની યંત્ર સામગ્રીના મરામત સહિત તેની સફાઈ તેમજ અન્ય આનુસંગિક કામગીરીનો પણ સમાવેશ કર્યો છે.

સરકારના ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ દ્વારા આ ત્રણ ટાંકી અને તેના સંપોની સફાઈ કરવામાં આવી રહી છે. તેમાંથી ભારે મોટી માત્રામાં માટી અને અન્ય કચરો નીકળ્યો હોવાનુ જાણવા મળેલ છે.

જો પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ

● અનુસંધાન પાન-૭ પર

# આજે કોંગ્રેસની કારોબારી

**પેથાપર ખાતે મળનારી કારોબારીમાં પ્રદેશ પ્રમુખ, વિપક્ષી નેતા તેમજ પ્રદેશ પ્રભારી અને જિલ્લા નિરીક્ષકો પણ હાજર રહેશે : જિલ્લા પ્રમુખનું શક્તિ પ્રદર્શન હોઈ વતનમાં બેઠકનું આયોજન કરાયુ**

ગાંધીનગર, તા. ૧૩

સંગઠનમાં આવી રહેલા ફેરફારોની વાતો વચ્ચે આજે જિલ્લા કોંગ્રેસ પ્રમુખે જિલ્લાની વિસ્તૃત કારોબારી તેમના વતન પેથાપુર ખાતે બોલાવવાનો નિર્ણય કર્યો છે.

આમ તો તેમનો આ નિર્ણય 'શક્તિ પ્રદર્શન'ના ભાગરૂપે હોવાનું મનાઈ રહ્યુ છે. આ વિસ્તૃત કારોબારીમાં પ્રદેશ પ્રમુખ અમીત ચાવડા, વિધાનસભા વિપક્ષના નેતા પરેશ ધાનાણી પ્રદેશ પ્રભારી રાજીવ સાતવજી વિશેષ ઉપસ્થિત રહેનાર હોઈ તેમના ભવ્યાતિભવ્ય સ્વાગતની તૈયારીઓ કોંગી આગેવાનો દ્વારા હાથ ધરવામાં આવી છે. મળતી વિગતો મુજબ ઘ-૦ થી બાઈકર્સ દ્વારા પ્રદેશ આગેવાનોનું એસ્કોટીંગ કરવામાં

● અનુસંધાન પાન-૭ પર




Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com